**ઈન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)**

જાહેરાત

**આર્ટ્સ રિસર્ચ** કાર્યક્રમ અંતર્ગત

**દરખાસ્ત માટે વિનંતી (RFP)**

**અરજી કરવાની છેલ્લી તારીખ:બુધવાર, 16 ઓગસ્ટ, 2023, રાત્રે 11:59 PM (IST)**

આર્ટ્સ રિસર્ચ કાર્યક્રમ ભારતમાં કલા સંબંધિત અભ્યાસ-પ્રવૃત્તિઓના વિવિધ ઇતિહાસ અને અભિવ્યક્તિઓ પર સંશોધન કરવા માટે વિદ્યાર્થીઓ, સંશોધકો અને વ્યાવસાયિકોને જોડે છે. તેનો ઉદ્દેશ્ય કલામાં વ્યાપક દ્રષ્ટિકોણ, સમજાણ, અર્થઘટન અને સંલગ્નતાને પ્રોત્સાહિત કરવાનો છે.

IFA દ્વારા અમલમાં મુકવામાં આવનાર સંશોધન પ્રોજેક્ટ હાથ ધરવા માટે રસ ધરાવતા સંશોધકો અને વ્યાવસાયિકો પાસેથી, અમે અમારા આર્ટ્સ રિસર્ચ કાર્યક્રમ માટે દરખાસ્તો આમંત્રિત કરીએ છીએ. આ પ્રોજેક્ટ હાંસિયામાં ધકેલાઈ ગયેલા અથવા પ્રમાણમાં વણશોધાયેલા કલા સંબંધિત ક્ષેત્રોની શોધ-તપાસ કરી શકે છે; આ પ્રોજેક્ટ થિયરી અને પ્રેક્ટિસ વચ્ચે સંવાદ માટે જગ્યાઓ બનાવવાનો ઇરાદો રાખી શકે છે; આ પ્રોજેક્ટ કલા સંબંધિત અભ્યાસ-પ્રવૃત્તિઓના નવા વાંચન પ્રદાન કરી શકે છે; અને આ પ્રોજેક્ટ અન્ય બાબતોની સાથે નવા વૈચારિક આધારના સર્જન માટે આંતર-શાખાકિય અભિગમનો ઉપયોગ કરી શકે છે.

સંશોધન પ્રોજેક્ટમાં સ્પષ્ટ સંશોધન હેતુઓ, ઊંડાણપૂર્વકના પૃષ્ઠભૂમિ સર્વેક્ષણો, વિવેચનાત્મક સંશોધન પ્રશ્નો, ચુસ્ત સંદર્ભ-આધારિત પદ્ધતિઓ, અને ચોક્કસ પરિણામો હોવા જરૂરી છે, જેને જાહેર ક્ષેત્રમાં પ્રકાશિત કરવામાં આવશે. પ્રોજેક્ટનું પરિણામી સ્વરૂપ પુસ્તક, નિબંધ, ફિલ્મ, વેબસાઇટ, મલ્ટીમીડિયા પ્રદર્શન વગેરે કોઈ પણ હોઈ શકે છે.

આ દરખાસ્ત-વિનંતી (RFP)ના અન્ય ભારતીય ભાષાઓમાં અનુવાદ વાંચવા માટે, અહીં ક્લિક કરો.

## પ્રોજેક્ટનો સમયગાળો:

ન્યૂનતમ **એક વર્ષ** અને મહત્તમ **18 મહિના**.

## બજેટ:

**₹ 5,00,000/-** સુધી બજેટ માટે દરખાસ્ત કરી શકો છો.

## છેલ્લી તારીખ:

**બુધવાર, 16 ઓગસ્ટ, 2023, રાત્રે 11:59 PM (IST) સુધી**

## કોણ અરજી કરી શકે છે?

આ કાર્યક્રમમાં વ્યક્તિગત સ્તર પર કોઈ પણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ, સંશોધકો અને વ્યાવસાયિકો પોતાની દરખાસ્ત મોકલી શકે છે.

જો તમે ભારતીય નાગરિક હોવ તો તમે અરજી કરવા પાત્ર છો. તમારા સહયોગીઓ પણ ભારતીય નાગરિક હોવા જરૂરી છે. (પાત્રતા માપદંડ વિશે વધુ જાણવા માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો)

## અરજી પ્રક્રિયા:

**તમારી અંતિમ દરખાસ્તમાં નીચે દર્શાવેલ બાબતોનો સમાવેશ થવો જરૂરી છે:**

- **દરખાસ્તની વિષયવસ્તુમાં** સ્પષ્ટ સંશોધન હેતુઓ, એક ઊંડાણપૂર્વકનું પૃષ્ઠભૂમિ સર્વેક્ષણ, વિવેચનાત્મક સંશોધન પ્રશ્નો, ચુસ્ત સંદર્ભ-આધારિત પદ્ધતિઓ અને વિશિષ્ટ પરિણામો હોવા જોઈએ;
- **સહાયક સામગ્રી**, જો કોઈ હોય તો, જે અમને તમારા કાર્ય વિશે સમજ આપતી હોય;
- તમારો વિસ્તૃત બાયોડેટા;
- **બજેટનું વિગતવાર વિવરણ** જેમાં નાણાંનો ઉપયોગ કેવી રીતે થશે તે સમજાવતા હોય; કૃપયા અન્ય સ્રોતોમાંથી અપેક્ષિત ભંડોળનો પણ ઉલ્લેખ કરશો, જો કોઈ હોય તો;
- તમારું સરનામું, ટેલિફોન નંબરો અને ઈ-મેઈલ પણ દર્શાવશો.

## સામાન્ય માહિતી:

- બજેટમાં માત્ર પ્રોજેક્ટ સંબંધિત કર્મચારીઓનો ખર્ચ, પ્રવૃત્તિઓ અને પ્રવાસને આવરી લેવામાં આવશે અને જો જરૂરી હોય તો સામાન્ય ઉપકરણોનું ભાડું અને સામગ્રીની જોગવાઈ કરી શકાશે. કૃપા કરીને ખાતરી કરશો કે દરેક બજેટ કેટેગરી પ્રોજેક્ટ સંબંધિત ખર્ચની ચોક્કસ આઇટમ સાથે સંબંધિત હોય;
- તમે માનદ વેતન માટે વિનંતી કરી શકો છો, જે સૂચિત બજેટના 35% કરતા વધારે ન હોય;
- કૃપા કરીને બજેટમાં સંસ્થાકીય ઓવરહેડ ખર્ચ, મકાન ખર્ચ અથવા માળખાકીય વિકાસ સંબંધિત ખર્ચની જોગવાઈ કરશો નહીં. બજેટમાં ઉપકરણોની ખરીદીની પણ મંજૂરી નથી, પરંતુ જો તમારે પ્રોજેક્ટ માટે ઉપકરણો ખરીદવાની જરૂર હોય, તો પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી તેમને IFAને પરત કરવા પડશે;

## પસંદગી પ્રક્રિયા:

પસંદ કરાયેલી દરખાસ્તોનું બાહ્ય પેનલ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે અને અરજદારોએ પોતાના પ્રોજેક્ટ સંબંધિત વિચારો પેનલ સમક્ષ રજૂ કરવાના રહેશે. અમલીકરણ માટે પસંદ કરાયેલા પ્રોજેક્ટની જાહેરાત ડિસેમ્બર 2023માં કરવામાં આવશે. પ્રોજેક્ટની પસંદગી અંગે IFA દ્વારા લેવાયેલો નિર્ણય આખરી રહેશે.

## દરખાસ્ત પ્રસ્તુતિ:

- **તમે અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં તમારી દરખાસ્ત રજૂ કરી શકો છો. IFA અંગ્રેજી ઉપરાંત ભારતીય ભાષાઓમાં પ્રોજેક્ટને પ્રોત્સાહિત કરે છે, જેથી કરીને વિવિધ ભાષાઓના વિવેચનમાં યોગદાન આપી શકાય.**
- જો તમે તમારી દરખાસ્ત મોકલતા પહેલા પ્રોજેક્ટના વિચારોની ચર્ચા કરવા માંગતા હોવ અથવા તે અંગે કોઈ પ્રશ્ન હોય, તો કૃપા કરીને હર્ષિતા બથવાલ, પ્રોગ્રામ ઓફિસર, આર્ટસ રિસર્ચને સોમવાર પહેલા, **જુલાઈ 31, 2023**, વિષય: **કળા સંશોધન માટે પ્રોજેક્ટ દરખાસ્ત** સાથે અહીં ઈમેલ harshita@indiaifa.org પર લખશો.
- તમારી અંતિમ દરખાસ્ત, તમામ સહાયક સામગ્રીઓ સાથે, હર્ષિતા બથવાલ, પ્રોગ્રામ ઓફિસર, આર્ટસ રિસર્ચને ઈમેલ harshita@indiaifa.org પર 25 એમબીથી વધે નહીં એ રીતે, એક જ ઈમેઈલમાં **બુધવાર, 16 ઓગસ્ટ, 2023, રાત્રે 11:59 PM (IST)** અથવા તે પહેલાં ઓનલાઈન મોકલવી આવશ્યક છે.

કૃપયા નોંધ લેશો કે અપૂર્ણ દરખાસ્તો અને જ્યાં અરજદારો પાત્રતાના માપદંડમાં આવતા નથી, તેમની અવગણના કરવામાં આવશે.

પસંદ થયેલ દરેક પ્રોજેક્ટને IFA દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

***કૃપયા નોંધ લેશો કે IFA એ એક સુરક્ષિત વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં બાળકો સહિત દરેકને સમર્થન, સન્માન અને રક્ષણ પ્રદાન થાય. અરજદારે આ સાથે સંરેખિત હોવું જરૂરી છે અને તેને હંમેશા જાળવી રાખવાનું રહેશે.***

***આર્ટ્સ રિસર્ચ કાર્યક્રમ BNP પરિબાસ ઈન્ડિયાના સમર્થનથી શક્ય બન્યો છે.***